(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૨૯૪/૨૦૨૬**
**આંક:– ૧૮**
**શરૂ–૦૫:૧૮, પુર્ણ–૦૫:૩૫**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– ભાવેશભાઈ | પિતા/પતિનું નામ:– રમેશભાઈ કુરીયા |
| | ઉ.વ.:– ૩૨ |
| ધંધો:– મજુરી | સરનામુ:– પંચમુખી ઢોરે, હળવદ, જી.મોરબી. |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) હું ત્રણ મહીના પહેલા મામલતદાર કચેરી પાસેથી નીકળેલ ત્યારે પોલીસે મને કહેલ કે ઓળખ પરેડનુ પંચનામુ કરવાનુ છે જેથી તુ મામલતદાર કચેરીએ આવ. જેથી હું બપોરના બે વાગે ત્યાં ગયેલો. આ બનાવ રાણેકપર રોડ ઉપર લુંટ થયેલ તે અંગે હતો. આરોપી રાહુલ ઉર્ફે પીંગરો તથા બીજો એક જણ હતો તેમની ઓળખ કરવાની હતી. મામલતદાર કચેરીમા નીચેના રૂમમા દસ જેટલા માણસોને રાખેલા હતા અને ત્રીજા નંબરે રાહુલ ઉર્ફે પીંગરો હતો અને ચોથા નંબરે ભરવાડ હતા પણ તેનુ નામ મને ખબર નથી તે કોર્ટમા હાજર છે. આ બાબતનુ પંચનામુ કરેલુ અને મે સહી કરેલી. આ સીવાય બીજુ કંઈ હું જાણતો નથી. મને ઓળખ પરેડનું પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચ–૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ જે રજુ દાખલ **આંક–૧૯.** મારી સાથે બીજા પંચ તરીકે મુસ્લીમ ભાઈ હતા તેનુ નામ મને યાદ નથી. આરોપીઓને જોયેથી ઓળખુ છુ, આજરોજ કોર્ટમા હાજર છે. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઉભા કરી નામ પુછતા પોતાનુ નામ રાહુલ વિજયભાઈ હળવદીયા અને કીશન મોતીભાઈ પરસાડીયા હોવાનુ જણાવે છે.

*એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી પી.એચ.પરમાર**

(૨) એ વાત ખરી છે કે પોલીસનો ફોન આવવાથી હું ઓળખ પરેડમા ગયેલો. એ વાત ખરી છે કે પોલીસે મને ઓળખ પરેડના પંચનામામા રહેવાનુ જણાવતા હું ઓળખ પરેડના પંચનામામા રહેલો.

સવાલ:– પોલીસે તૈયાર પંચનામુ કરેલુ હતુ જેની અંદર પંચની સહી લીધેલી?

જવાબ:– મામલતદારના માણસે પંચનામુ કર્યા પછી મારી સહી લીધેલી.

એ વાત ખરી નથી કે મને કંઈ પુછેલુ નહી. એ વાત ખરી છે કે મે આરોપીઓને પંચનામુ કરતા અગાઉથી જોયેલા હતા.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૨૫/૦૩/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*